ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# પેપરલીક પ્રકરણમાં પોલીસ ગોળ ગોળ ફરે છે અને ફેરવે છે

**કોઈપણ સામાન્ય વ્યક્તિ પણ સમજી શકે છે કે પોલીસે પકડેલા કથિત આરોપીઓ માત્ર પ્યાદા જ છે : મોટા માથાઓને છાવરવા-બચાવવા આખુ નાટક ઉભુ કરવામાં આવ્યુ છે**

ગાંધીનગર, તા. ૬

પોલીસ ભરતીના પેપરલીક પ્રકરણમાં દરરોજ નવા નવા ખુલાસા સાથે પોલીસ મીડિયા સમક્ષ પ્રસ્તુત થાય છે અને નવી નવી થીયરી રજુ કરે છે પરંતુ આ બધી વાતમાં એટલુ તો ચોક્કસ સમજાય છે કે પડદા પાછળ બહુ મોટુ રહસ્ય છે અને તેને છુપાયેલુ જ રાખવા માટે પોલીસતંત્ર 'કોઈક'ના ઈશારે દરરોજ નવી નવી વાત

**સમયસર**

લઈને આવે છે. પરંતુ પોલીસતંત્ર અને રાજકીય આકાઓએ એ વાત સમજી લેવી જરૂરી છે કે પ્રજા તમે સમજો છો એટલી અબુધ નથી અને થોડોક સમય ભોળવી શકાય પરંતુ લાંબા સમય સુધી ઉલ્લુ બનાવી શકાતી નથી તેનો ઈતિહાસ સાક્ષી રહ્યો છે.

પોલીસ ભરતીમાં પેપર લીક થવાની ઘટના સરકાર માટે ગળામાં ફસાયેલા હાડકાં માફક બનતી જાય છે. તેના પર યેનકેન પ્રકારે પડદો પાડવાનુ પ્રેશર પોલીસતંત્ર પર છે તે પ્રજાને પણ સમજાઈ રહ્યુ છે. લાખો યુવાનોને રોજગારી આપવાનો દાવો કરતી સરકારનો દાવો એક જ મિનિટમાં ચૂરચૂર થઈ જાય તેટલા ભરતી ફોર્મ સરકારી ભરતી સમયે ભરાય છે. ગુજરાતના લાખો યુવાનો જ્યારે યોગ્ય રોજગારી મેળવવાની તલાશ કરી રહ્યા છે અને કલાકોના કલાકો ભરતી પરીક્ષાની તૈયારી પાછળ ગાળી રહ્યા છે ત્યારે આવા કૌભાંડો યુવાનોનો વિશ્વાસ ડગમગાવી મુકે છે. તેમના અરમાનો અને પરિવારજનોની આશા ક્ષણમાં ભસ્મીભુત થઈ જાય છે.

ભરતીકાંડમાં પોલીસે યશપાલ નામના યુવાનને મુખ્ય આરોપી બનાવ્યો છે. જાતજાતના ખુલાસા કરી પોલીસ છેક દિલ્હી સુધી જઈ ઘટનાનુ રીકન્સ્ટ્રક્શન કરી આવી પરંતુ હજુ સુધી પેપર લીક કેવી રીતે થયુ, કોણે કર્યુ તે જ સમજાતુ નથી. પોલીસે બીજા જ દિવસે જાહેર કરી દીધુ કે પેપર લીક પ્રકરણમાં દિલ્હીની પેપર ફોડ ગેંગ સંડોવાયેલી છે અને તેણે બીજા રાજ્યોની ભરતીના પેપર પણ ફોડ્યાં છે. પરંતુ આ ગેંગ પાસે ગુજરાતની ભરતીના પેપર ક્યાંથી આવ્યા, કોણે આપ્યા, કેટલામાં સોદો થયો તેવી કોઈ જાણકારી પોલીસ આપી રહી નથી.

પોલીસનુ આ ભેદી મૌન પ્રજાને સમજાઈ રહ્યું છે. મુખ્ય આરોપીઓને પકડવાને બદલે નાના પ્યાદાઓને કે જેમણે પેપર ખરીદ્યા કે અન્યોને પહોંચાડ્યા તેમને પકડી પાડી પોલીસતંત્ર જાણે મોટો મીર મારી રહી હોય તેવો દેખાડો કરી રહી છે. પોલીસતંત્ર અને રાજકીયતંત્રે એ સમજી લેવાની જરૂર છે કે આમા ચોક્કસ તાકતવર છો, માનીતાઓને સાચવી શકો છો પરંતુ અમે પણ પ્રજા તંત્ર છીએ. ભલે અમારી તાકાત વિખેરાયેલી લાગતી હોય પરંતુ આજ પ્રજાતંત્ર જ્યારે એક બને છે ત્યારે ગમે તેવા શક્તિશાળી રાજતંત્રને પારોઠના પગલાં ભરવા પડે છે, ન્યાયી બનવુ પડે છે, તેનો સાક્ષી ઈતિહાસ રહ્યો છે.

# અલુવા હિલ્સના જંગલ વિસ્તારમાં દિપડાના તાજા પગમાર્ક જોવા મળ્યા

**અલુવા હિલ્સના જંગલ વિસ્તારમાં દિપડાના ફુટપ્રિન્ટ મળ્યા : તાજા પગમાર્ક દેખાતા સાથે બચ્ચુ હોવાનુ પણ અનુમાન : અલુવા પાસેના ટ્રેકિંગ કેમ્પના પ્રકૃતિ પ્રેમીઓએ દિપડાના તાજા ફુટ પ્રિન્ટ જોયા**



ગાંધીનગર તા ૬

ગાંધીનગર જિલ્લાના પીંપળજ ગામમાં દિપડાએ દેખા દીધી હોવાની વાત સામે આવ્યા બાદ વનતંત્રની શોધખોળના અંતે પણ દિપડો હજુ હાથમાં લાગ્યો ન હતો. આવા સંજોગોમાં આજે સવારે અલુવા હિલ્સ પાસે નદી તટ નજીક જંગલ વિસ્તારમાં દિપડો જોવા મળ્યો હતો. આસપાસ સ્થિત ટ્રેકીંગ કેમ્પમાં પ્રકૃતિ પ્રેમીઓને પણ દિપડાના તાજા ફુટપ્રિન્ટ જોવા મળ્યા છે. જયારે ફીમેઈલ દિપડાની સાથે તેનુ બચ્ચુ પણ હોવાનુ ફુટ પ્રિન્ટના આધારે મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર જિલ્લાના ગામડાઓ ખુંદતો દિપડો હજુ વન વિભાગની ગિરફતમાં આવ્યો નથી. પીંપળજમાં ત્રણ દિવસ પાંજરા મુકીને સતત સર્ચીંગ કર્યા બાદ પણ વનતંત્રના હાથમાં દિપડો લાગ્યો ન હતો.જયારે પાંજરામાં મુકેલુ મારણ પણ યથાવત રહ્યુ હતુ. જયારે દિપડો હાથમાં ન લાગતા આખરે સ્થળાંતર કરી અન્ય જગ્યાએ ચાલી ગયો હોવાનુ તારણ પણ બોરીજ રેન્જ દ્વારા વ્યકત કરાયુ હતુ. દિપડાએ છેલ્લા ઘણાં સમયથી જિલ્લામાં આંટા મારવાનુ શરૂ કર્યુ છે. જયારે સાબરકાંઠા વિસ્તારમાંથી નદી કાંઠાના ભાગે થઈને ગાંધીનગર જિલ્લાની હદમાં દિપડો ઘુસ્યો હોવાનુ ધ્યાને આવ્યા બાદ ગામડાઓમાં ખેડુતો સહીત અનેક રાહદારીઓએ પણ દિપડો જોયો હોવાની વાતનો એકરાર કર્યો છે. પીંપળજ નદીના કાંઠે સર્ચિંગ કર્યા બાદ દિપડો ગુમ થઈ જતા વનતંત્રએ પણ દિપડાને કેદ કરવાના

● અનુસંધાન પાન-૭ પર

# રવિ સીઝનની વાવણી ૪૨,૨૪૮ હેક્ટરમાં સંપન્ન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર ઠંડી વધતાં વધવા પામ્યુ છે અને આજ સુધીમાં ૪૨,૨૪૮ હેક્ટર વિસ્તારમાં સંપન્ન થવા પામ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે રવિ સીઝનમાં જિલ્લાની વાવેતર પેટર્નમાં બદલાવ જોવા મળ્યો છે. રાઈ, ચણા અને તમાકુના પાકનો વાવેતર વિસ્તાર સારો એવો વધવા પામ્યો છે. આ ઉપરાંત રાઈ તેમજ ઘાસચારાનું વાવેતર પણ સારૂ થયુ છે.

જિલ્લાનો મુખ્ય પાક ગણાતા ઘઉંનું વાવેતર ૧૨,૩૭૫ હેક્ટરમાં થયુ છે. તો ચણાનું વાવેતર ૪૯૭ હેક્ટર, અન્ય કઠોળ પાકોનું ૮૯ હેક્ટર, રાઈનું ૭૫૯ હેક્ટરમાં,

**પાક પેટર્નમાં બદલાવ કરતા ખેડૂતો : તમાકુ, વરિયાળી, ચણાનું વાવેતર વધ્યું : શાકભાજીના વાવેતરમાં ઘટાડો નોંધાયો**

તમાકુના પાકનું ૨૧૫૮ હેક્ટરમાં, બટાટાનું વાવેતર ૬૧૧૦ હેક્ટરમાં અને શાકભાજીનું વાવેતર ૩૫૮૩ હેક્ટરમાં થયુ છે.

ઘાસચારાનું વાવેતર ૧૫૮૨૨ હેક્ટરમાં થયુ છે જેમાં રજકો ઘાસચારાનું વાવેતર ૮૬૬૭ હેક્ટરમાં, મકાઈના ઘાસચારાનું વાવેતર ૯૭ હેક્ટરમાં, જુવાર ઘાસચારાનું વાવેતર ૪૫૬ હેક્ટરમાં અન્ય ઘાસનું વાવેતર ૬૬૦૨ હેક્ટરમાં થયુ છે.

ઠંડીનો માહોલ છેલ્લા ચારેક દિવસથી જામ્યો હોવાથી વાવેતરમાં વેગ આવ્યો છે. જોકે વાવેતરની પેટર્નમાં બદલાવ જોવા મળી રહ્યો છે. શાકભાજીના પાકોનું વાવેતર પણ ઘટવા પામ્યુ છે તો ઘઉંના પાકનું વાવેતર ઘટે તેવા સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં ચોમાસુ નિષ્ફળ જતાં ખેડૂતો પશુપાલન માટે ઘાસચારાનું વાવેતર વધારી રહ્યા છે. આ ઉપરાંત તેલીબીયા અને કઠોળ પાક ઉપરાંત તમાકુ અને વરિયાળીનું વાવેતર વધુ કરતા જોવા મળી રહ્યા છે.

# સેક્ટર-૧૭ના એક્ઝીબીશન સેન્ટરનો ૫.૫૦ કરોડનો મિલ્કતવેરો બાકી છે !!

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સેક્ટર-૧૭માં આવેલ એક્ઝીબીશન સેન્ટરનો મિલ્કતવેરો રૂ. ૫.૫૦ કરોડ જેટલો બાકી હોવાની ચોંકાવનારી હકીકતો બહાર આવી છે.

મનપા દ્વારા આ અંગે વારંવાર નોટીસો આપવા છતાં આ સેન્ટરની કોણ માલિકી ધરાવે છે તેની સ્પષ્ટતા થતી નથી. રાજ્ય સરકારની સરકારી મિલ્કતોના ઘણા લેણાં મનપા પાસે બાકી બોલી રહ્યા છે. જો કે તેમાં સૌથી વધુ વેરો આ એક્ઝીબીશન સેન્ટરનો છે.

દેશનું સૌથી મોટુ એક્ઝીબીશન સેન્ટર છે અને તેનુ સંચાલન ઈન્ડેક્ષ-બી કરે છે પણ ઈન્ડેક્ષ-બી હવે એવુ કહે છે કે આનુ સંચાલન માર્ગ-મકાન વિભાગ કરે છે. કોઈજ તંત્ર મનપાની વાત કાને ધરવા તૈયાર નથી. આગામી જાન્યુઆરીમાં વાયબ્રન્ટ આવી રહ્યુ છે ત્યારે મનપાએ પણ હવે વસુલાત માટે મન બનાવી લીધુ છે.

# જિલ્લામાંથી ૩૧૫૨૮ વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ની પરીક્ષા આપશે

**અત્યાર સુધી નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી ૧૫૩૩૭ વિદ્યાર્થીઓ ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપશે**

ગાંધીનગર તા ૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૭ માર્ચના રોજથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવશે. જયારે જિલ્લામાંથી નોંધાયેલા પરીક્ષાર્થીઓ અન્વયે ૩૧૫૨૮ વિદ્યાર્થીઓ ધો -૧૦ અને ૧૫૩૩૭ પરીક્ષાર્થીઓ ધો - ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપશે. જો કે આ સંખ્યા હજુ વધી શકે તેમ છે. અત્યાર સુધી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી આ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવી લીધુ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦ અને ૧૨ ની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે. આગામી તા ૭ માર્ચથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે. બોર્ડ દ્વારા પરીક્ષાની તારીખ જાહેર કરી દેવાયા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉત્સુકતાનો અંત આવ્યો છે.જયારે વિદ્યાર્થીઓ બાર્ડની પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા છે. બાર્ડ પરીક્ષાના આડે હવે બહુ સમય રહ્યો નથી. ત્યારે પરીક્ષાર્થીઓ દિવાળી વેકેશનથી જ પરીક્ષાલક્ષી તૈયારીમાં ગળાડુબ બન્યા છે. ગત વર્ષ કરતા આ વર્ષે પરીક્ષા વહેલી લેવાની છે. જયારે પરીક્ષાની તૈયારી માટે વિદ્યાર્થીઓને દિવસો પણ ઓછા મળશે. ત્યારે પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયા બાદ વિદ્યાર્થીઓમાં પરીક્ષાલક્ષી ઉત્તેજના પ્રબળ બની છે. બાર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ

**બોર્ડ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરતા વિદ્યાર્થીઓમાં પરીક્ષાલક્ષી ઉત્તેજના**

સમગ્ર વર્ષની મહેનતનો નિચોડ રજુ કરવાનો હોય છે. ત્યારે પરીક્ષાના દિવસો હવે નજીકમાં છે તેમ કહી શકાય અલબત્ત પરીક્ષાના આડે હવે માંડ અઢી મહીનાનો સમય બાકી છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓએ રિવીઝન વર્ક અને પ્લાનીંગથી મહેનત કરવાનુ શરૂ કરી દીધુ છે. શાળાઓ અને ટયુશન કલાસીસના નિષ્ણાંતો પણ વિદ્યાર્થીઓને પરીક્ષા લક્ષી મહેનત તરફ ધ્યાન આપી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# પેપર લીક પ્રકરણમાં વધુ ત્રણની ધરપકડ

**ગાંધીનગર પોલીસે સમગ્ર કૌભાંડમાં અત્યાર સુધી ૧૧ આરોપીઓની ધરપકડ કરી : અત્યાર સુધી જે મુખ્ય સૂત્રધાર ગણાતો હતો તે યશપાલ વડોદરાના ઇન્દ્રજીત નામના એમ.આર નો 'ફોલ્ડર' નીકળ્યો : ગરીબ યશપાલને નોકરી મેળવવી હતી અને ઇન્દ્રજિતે રૂપિયા કમાવા હતા : દિલ્હી ગેંગના સંપર્કમાં ગુજરાતના ચારથી પાંચ મુખ્ય સૂત્રધાર હતા તે પૈકી બે જ ઝડપાયા : હજુ ૩૦ જેટલા શકમંદોની પૂછપરછ ચાલુ**

ગાંધીનગર, તા. ૬

રાજ્યભરમાં ચકચાર મચાવનાર લોક રક્ષક પેપર લીક કાંડમાં ગાંધીનગર પોલીસે ગઈ મોડી રાત્રે વધુ ત્રણ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. વડોદરાના યશપાલ સહિત પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરી સઘન ઈન્ટ્રોગેશન શરૂ કરતા દિલ્હી ગેંગના કેટલાક સાગરીતોના પણ નામ ખુલ્યા છે. જોકે અત્યાર સુધી પોલીસ જેને મુખ્ય સૂત્રધાર તરીકે ચિતરી રહી હતી તે યશપાલ તો આજે પકડાયેલા ઈન્દ્રજીત નામના આરોપીનો ફોલ્ડર હોવાનું સામે આવ્યું છે. આજે પકડાયેલા મેડિકલ રિપ્રેઝન્ટેટીવ તરીકે કામ કરતા વડોદરાના ઈન્દ્રજીત અને હજુ સુધી નાસતા-ફરતા નિલેશ ઉપરાંત ચાર થી પાંચ મુખ્ય સૂત્રધારોના નામ પોલીસ સમક્ષ આવ્યા છે જે પેપર લીક કરતી ગેંગના સંપર્કમાં હોય તેવા ગુજરાતી છે.



ગાંધીનગર પોલીસે પેપર લીક કૌભાંડના તબક્કાવાર ૮ આરોપીઓને પકડી તેમની પૂછપરછ કરતા અન્ય મોટા ખુલાસાઓ થયા અને દિલ્હીની માસ્ટર માઈન્ડ પેપર લીક ગેંગનુ સુવ્યવસ્થિત રેકેટ ચાલતું હોવાની સ્ફોટક વિગતો બહાર આવી છે. ગઈકાલે પોલીસે પકડેલા ચાર આરોપીઓને રિમાન્ડ પર લઈ સઘન પૂછપરછ કરતા બહાર આવ્યું હતું કે ૩૫ જેટલા ઉમેદવારોને નાના ચિલોડા થી ચાર મોટી ગાડીઓ માં બેસાડીને દિલ્હી લઈ જવાયા હતા. ત્યાં તેમને દિલ્હી ગેંગના સાગરીતો મળ્યા હતા ને પાંચ પાંચ ગ્રુપ બનાવી અલગ અલગ સ્થળોએ લઈ ગયા હતા. વધુ પૂછપરછ કરતાં બહાર આવ્યું છે કે દિલ્હી ગેંગ ન સાગરીતો બાઉન્સર જેવા દેખાતા હતા અને દિલ્હી પહોંચ્યા બાદ ગુડગાવ ખાતે અવરજવર કરી તેમાં ઉમેદવારો જે ગાડીઓ લઈ ગયા હતા તે ગાડીઓ મુકાવી દીધી હતી અને તેમની પોતાની ગાડીઓમાં બેસાડીને અલગ-અલગ સ્થળોએ લઈ જવાયા હતા. ઉમેદવારો તેમની જગ્યાના રસ્તાઓ જોઈ ન જાય તે માટે ગાડીમાં બે કલાક સુધી આમ થી તેમ ફેરવ્યા હતા અને ત્યારબાદ ચોક્કસ સ્થળે લઈ ગયા હતા. કેટલાકને અવાવરૂ ફ્લેટમાં તો કેટલાકને ખુલ્લા શેડ નીચે તો કેટલાકને ગોડાઉન જેવા દેખાતા વિસ્તારમાં લઈ જવાયા હતા. તમામ ઉમેદવારો પાસેથી મોબાઈલ સહિત તમામ સામગ્રી લઈ લેવામાં આવી હતી. પેપર લીક ગેંગની શરત એ હતી કે ઉમેદવારોને જવાબો ગોખવા દેવામાં આવશે. એક પણ ઉમેદવાર ને જવાબ લખીને ઘરે લઈ જવા દેવામાં આવશે નહીં. જેના કારણે ઉમેદવારોના ખિસ્સા ખાલી કરાવીને તેમની જગ્યાઓમાં લઈ જવાયા હતા. ગાંધીનગર પોલીસને ગઈકાલ સુધી પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં દિલ્હી ગેંગના કેટલાક સાગરીતોના નામો મળી આવ્યા છે. તે ઉપરાંત આ ઉમેદવારોને ગુજરાતમાંથી દિલ્હી લઈ જવામાં કેટલા મુખ્ય સુત્રધારો હતા તેમની યાદી પણ મળી ગઈ છે. જેમાં એક નામ ગઈકાલે ખુલી ગયું હતું તે નિલેશ હતું. તે ઉપરાંત અન્ય ચાર થી પાંચ નામો બહાર આવ્યા છે જે દિલ્હી ગેંગમા સંપર્કમાં હતા.

● અનુસંધાન પાન-૭ પર

## યશપાલ પેપરના જવાબો વેફરના પેકેટમાં સંતાડીને ગુજરાતમાં લાવ્યો

યશપાલને ઈન્દ્રજિતે પોતાના ખર્ચે પેપરના જવાબો મેળવવા માટે મોકલ્યો હતો. આ ખર્ચા કરવાની તાકાત યશપાલ માં નહોતી. યશપાલને પરીક્ષા પાસ કરવી હતી જ્યારે ઈન્દ્રજિતે રૂપિયા કમાવવા હતા. દિલ્હી ગેંગ નો સંપર્ક કરીને જે તે યશપાલને પેપરના જવાબો લખીને આવવા માટે સમજાવ્યું હતું. અને તે માટે યશપાલને દિલ્હી પણ મોકલ્યો હતો. જોકે દિલ્હી ગેંગ કોઈ આવી રીતે જવાબો લખીને ન લઈ જાય તે માટે ઉમેદવારો ના મોબાઈલ સહિત તમામ સાધનસામગ્રી મુકાવી દેતા હતા અને પોતે એક કાગળને પેન આપે તેમા લખીને જવાબો ગોખવા માટે સમય આપતા હતા. જોકે યશપાલે તેનો તોડ કાઢી લીધો હતો અને એક વેફરનું ખાલી પેકેટ ખીસામાં લઈ ગયો હતો જેના લીધે તેમને શંકા ન જાય. દિલ્હી ગેંગે જે કાગળ આપ્યું તેના બે ભાગ કરી ને એક કાગળમાં જવાબો લખી વેફરના પડીકામાં નાખી દીધા હતા અને આ જવાબો પડીકામાં નાખી યશપાલ ઈન્દ્રજીતના કહ્યા મુજબ ગુજરાત લઈ આવ્યો હતો.

## જેટલા ઉમેદવારોએ લીક પેપર મંગાવ્યા હશે તેમને બીજી પરીક્ષા માટે બ્લેક લિસ્ટ કરાશે

પેપર લીક કરવાની આ ઘટનાને ગંભીરતાથી લઈને પોલીસે જે જે ઉમેદવારોએ પેપર લીક કરી કે કરાવીને પેપરના જવાબો મંગાવ્યા હતા તેમની યાદી તૈયાર કરી છે. અત્યાર સુધીમાં ૫૦ જેટલા ઉમેદવારોની યાદી તૈયાર થઈ ગઈ છે તે ઉપરાંત હજુ પણ ઉમેદવારો વધે તેવી શક્યતા છે. આ તમામ ઉમેદવારો હવે ની કોઈપણ પરીક્ષામાં પેપર આપી ન શકે તે માટે તે તમામને બ્લેકલિસ્ટ કરવા વિચારણા ચાલી રહી છે તેમ ગાંધીનગર એસપી મયુર ચાવડાએ જણાવ્યું છે.

## પોલીસની અલગ અલગ ટીમો પાંચ રાજ્યોમાં ફેલાઈ ગઈ છે

ગાંધીનગર પોલીસ સહિત અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને એટીએસ પણ આ ગુનાની તપાસમાં જોતરાઈ ગઈ છે. પકડાયેલા આરોપીઓના ઈન્ટ્રોગેશન દરમિયાન પોલીસને મળતા ઈનપુટ આધારે અલગ અલગ ટુકડીઓ બનાવી ને ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર હરિયાણા રાજસ્થાન અને મધ્ય પ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં આ પેપર લીક કેસની તપાસ માટે પોલીસની ટીમો ફરે છે. આજે ગાંધીનગર એલસીબી અને સેક્ટર-૭ પોલીસની ટીમ પકડાયેલા આરોપીઓ પૈકી બે આરોપીને લઈને બે ઈનોવા ગાડીમાં દિલ્હી જવા રવાના થઈ છે. રૂટ પર આવતા તમામ ટોલટેક્સના સીસીટીવી ફૂટેજ મેળવવા ઉપરાંત આરોપીઓના રૂટનું રી-કન્સ્ટ્રક્શન કરી જ્યાં જ આ ઉમેદવારો નાસ્તો પાણી કે જમવા બેઠા હતા તે હોટલના સીસીટીવી ફૂટેજ મેળવવા પ્રયત્નો કરશે.

## નાસતા ફરતા યશપાલે બે વાર આપઘાતનું વિચાર્યુ

અત્યાર સુધી પોલીસે મુખ્ય સૂત્રધાર ગણી રહી હતી તે યશપાલ સુરત પેપર આપવા ગયો હતો. પેપર લીક થવાથી પરીક્ષા રદ થતા તેને અંદાજ આવી ગયો હતો કે પોતે ભરાઈ જશે. નાસતો ફરતો યશપાલ ગોધરા પહોંચી ગયો હતો અને એકવાર ગોધરાના બ્રિજ ઉપરથી કૂદીને તો બીજીવાર રોડ ઉપર વાહન નીચે આવી જઈને આપઘાત કરી લેવાનો વિચાર આવ્યો હતો. જો કે પછી તેને તેના આકા ઈન્દ્રવદન બચાવી લેશે તેવો વિચાર આવતા તેને ઈન્દ્રવદન નો સંપર્ક કર્યો હતો ને મળ્યો હતો. ત્યારે ઈન્દ્રવદને યશપાલને ૨૦,૦૦૦ રૂપિયા આપીને નાસ્તા ફરવાનું કહ્યું હતું.


**ચૌદમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી**



જન્મ તા. ૧/૬/૧૯૬૭ — સ્વ. તા. ૭/૧૨/૨૦૦૪

**સ્વ. કાન્તાબેન વિઠ્ઠલજી મકવાણા**

શું આપીએ અંજલિ શબ્દો ઓછા પડે છે.
શું આપીએ પુષ્પાંજલિ પુષ્પો ઓછા પડે છે.
અંજલી અર્પણ કરીએ તો આંસુ સરી પડે છે.
તસવીર તમારી નિહાળતા અમારું હૈયુ રડી પડે છે.
પ્રભુ તમારા આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

વિઠ્ઠલજી કે. મકવાણા
સંજયકુમાર વી. ઠાકોર (જમાઈ)
નયનાબા એસ. ઠાકોર (દિકરી)
હિતેશ વિ. મકવાણા (પુત્ર)
બિજલ હિતેશ મકવાણા (પુત્રવધુ)
ક્રિષા હિતેશ મકવાણા (પૌત્રી)
સ્મિત (ભાણો)

**સમસ્ત મકવાણા પરિવાર - ધોળાકુવા**

**પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. અ.સૌ. સરસ્વતીબેન ઉર્ફે શશીબેન સૂર્યકાન્તભાઈ બારોટ**

સ્વર્ગવાસ તા. ૭/૧૧/૨૦૧૮

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી.
સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યું નહિ, પરિવારને સ્નેહ
અને સંપથી એકસાથે પરોવી રાખનાર એવા આપને
સ્વામીબાપા ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના....

લી.

સૂર્યકાન્તભાઈ આર. બારોટ
(નિવૃત્ત નાયબ માહિતી નિયામક)
પ્રકાશ, દેવેન્દ્ર, અનિલ (પુત્રો) — મીનાક્ષી, ગીતા, પ્રજ્ઞા (પુત્રવધુ)
દર્શના - મનોજકુમાર (પુત્રી) — મલ્કેશ, નિશિલ, અક્ષર (પૌત્રો)
શ્વેતા અને નીધિ (પૌત્રવધુ) — પલક - વરૂણકુમાર (પૌત્રી)
ચાર્વી - પાર્થકુમાર (ભાણી) — ઋત્વી (ભાણી) નિત્યા (પ્રપૌત્રી)


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com